RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 284 * Date: 05.8.2026,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

# લાલ સમુદ્રમાં ભારતીય જહાજ પર વિસ્ફોટક બોટથી હુમલો : ૧૪ ક્રૂ મેમ્બરનો આબાદ બચાવ




લાલ સમુદ્રમાં યમનના પશ્ચિમ કિનારે વિસ્ફોટકો ભરેલી બોટથી હુમલો થતાં ભારતીય જહાજ 'સ્જીફ ફાઈઝે નૂરે ઓલિયા' ડૂબી ગયું. અલ હુદાયદાહ બંદરથી ૧૩ નોટિકલ માઈલ દૂર થયેલા આ હુમલા બાદ જહાજમાં સવાર તમામ ૧૪ ક્રૂ મેમ્બરને યમનના દળોએ બચાવી લીધા. ૧૩ ભારતીય નાગરિકો સુરક્ષિત છે અને તેમને તબીબી મદદ અપાઈ છે. ભારતે આ હુમલાની નિંદા કરી છે.

યમનના પશ્ચિમ કિનારે લાલ સમુદ્રમાં વિસ્ફોટકોથી ભરેલી બોટ વડે હુમલો થતાં એક ભારતીય કોમર્શિયલ જહાજ 'સ્જીફ ફાઈઝે નૂરે ઓલિયા' દરિયામાં ડૂબી ગયું છે. આ ભયાનક હુમલા બાદ જહાજમાં સવાર તમામ ૧૪ ક્રૂ મેમ્બરને સુરક્ષિત રીતે બચાવી લેવાયા છે. યમનના સશસ્ત્ર દળો અને તટ રક્ષકો દ્વારા ચલાવવામાં આવેલા સંયુક્ત રેસ્ક્યૂ ઓપરેશનને કારણે મોટો અકસ્માત ટળ્યો છે. ભારત સરકાર અને વિદેશ મંત્રાલયે આ ઘટના અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરીને હુમલાની સખત શબ્દોમાં નિંદા કરી છે.

આ ઘટના લાલ સમુદ્રમાં આવેલા અલ હુદાયદાહ બંદરથી લગભગ ૧૩ નોટિકલ માઈલ દૂર દક્ષિણ ભાગમાં બની હતી. વિસ્ફોટકો ભરેલી બોટ જહાજ સાથે અથડાતાં જહાજમાં ભારે નુકસાન થયું હતું અને તે દરિયામાં ગરકાવ થઈ ગયું હતું. જોકે, ઘટનાની જાણ થતાં જ યમન નેવી અને કોસ્ટ ગાર્ડે તાત્કાલિક રાહત કાર્ય શરૂ કરી દીધું હતું.જહાજ પર સવાર કુલ ૧૪ સભ્યોમાંથી ૧૩ ભારતીય નાગરિકો અને ૧ યમની નાગરિક હતો. રાહત ટુકડીએ તમામ ૧૪ લોકોને સફળતાપૂર્વક બચાવી લીધા છે અને કોઈ પણ વ્યક્તિને ગંભીર ઈજા પહોંચી નથી. બચાવાયેલા તમામ લોકોને હાલ સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે અને તેમને જરૂરી તબીબી સારવાર પૂરી પાડવામાં આવી રહી છે.

## મસ્જિદમાં ઈમામની હત્યા, સમગ્ર મીરપુર ડિવિઝનમાં ઈન્ટરનેટ બ્લેકઆઉટ

પીઓક, તા.૪

પીઓકેમાં પાકિસ્તાની સેનાનો સાચો ચહેરો ખુલ્લો પડ્યો છે. સુરક્ષાના નામે ત્યાં તૈનાત મુનીરની સેના હવે લોકોનું રક્ષણ કરી રહી નથી. પરંતુ શિકારી તરીકે ફરે છે. 'ફીલ્ડ માર્શલ' અસીમ મુનીર દ્વારા મોકલવામાં આવેલા સૈનિકો આતંકવાદીઓની જેમ નિઃશસ્ત્ર નાગરિકોનો નરસંહાર કરી રહ્યા છે. તેમણે મસ્જિદ પણ છોડી નથી. આ લોકોએ અલ્લાહના ઘર પર હુમલો કર્યો, અને અંદર ઈમામની હત્યા કરી હતી. પીઓકેમાં, અસીમ મુનીર ઈન્ટરનેટ બંધ કરાવ્યુ છે. સુરક્ષા દળોના વેશમાં મોકલાયેલા મુનીરના રાક્ષસો નાગરિકો અને પ્રદર્શનકારીઓના અવાજને દબાવવા માટે ૨૪ કલાક હત્યાકાંડ કરી રહ્યા છે. રસ્તાઓ અને ગલીઓમાં લોહી પાણીની જેમ વહી રહ્યું છે. હવે, સમાચાર આવી રહ્યા છે કે આ રાક્ષસોએ મસ્જિદને પણ છોડ્યો નથી. પાકિસ્તાની સુરક્ષા દળોથી સજ્જ, રાક્ષસોએ અલ્લાહના ઘર પર હુમલો કર્યો છે. ભીમ્બર જિલ્લાના એક સ્થાનિક ઈમામે અહેવાલ આપ્યો કે પાકિસ્તાની સુરક્ષા દળોએ એક મસ્જિદમાં પ્રવેશ કર્યો અને તેને કબજે કરી લીધો હતો. આ બે ઘટનાઓએ ફરી એકવાર પીઓકેના લોકોનો ગુસ્સો ભડકાવ્યો છે.

જમ્મુ અને કાશ્મીર જોઈન્ટ આવામી એક્શન



કમિટી કહે છે કે પાકિસ્તાની વહીવટીતંત્ર નાગરિકો અને પ્રદર્શનકારીઓના અવાજને દબાવવા માટે સતત હિંસક કાર્યવાહી કરી રહ્યું છે.

બ્લેકઆઉટને કારણે, સ્થાનિક રહેવાસીઓનો બહારની દુનિયા સાથેનો સંપર્ક સંપૂર્ણપણે તૂટી ગયો છે, પરંતુ તેમના અધિકારો માટે તેમની લડાઈ ચાલુ રહેશે.

## કેશ્મ ટાપુ પર હુમલામાં પરિવારના ત્રણ સભ્યોના મોતનો દાવો

તેહરાન, તા.૪

ઈરાનના કેશ્મ ટાપુ પર થયેલા એક હવાઈ હુમલાને લઈને ગંભીર ચર્ચા શરૂ થઈ છે. અહેવાલો અનુસાર, ગયા અઠવાડિયે અમેરિકી હુમલા દરમિયાન એક સ્થાનિક ટેક્સી ડ્રાઈવરના ઘર પર ભારે બોમ્બ પડ્યો હતો, જેમાં પરિવારના ત્રણ સભ્યોના મોત થયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ઘટનાને લઈને અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM)એ તપાસ શરૂ કરવાની વાત કહી છે. જોકે, હુમલાનું ચોક્કસ કારણ અને લક્ષ્ય અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિષ્કર્ષ જાહેર થયો નથી.

મૃતકની ઓળખ કૈસર જાફરી તરીકે કરવામાં આવી છે, જે કેશ્મ વિસ્તારમાં ટેક્સી ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. અહેવાલ મુજબ, હુમલાના સમયે તેઓ પરિવાર સાથે ઘરે હાજર હતા. આ ઘટનામાં તેમની પત્ની ઝહરા અને પુત્રી સનાનું પણ મોત થયું હોવાનું જણાવવામાં આવ્યું છે, જ્યારે તેમના બે અન્ય બાળકો ઘાયલ થયા હતા અને તેમને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.

સ્થાનિક અહેવાલો અનુસાર, હુમલામાં ભારે શક્તિશાળી બોમ્બનો ઉપયોગ થયો હતો, જેના કારણે સમગ્ર મકાન ધરાશાયી થઈ ગયું અને ઘટનાસ્થળે અંદાજે ૩૦ ફૂટ જેટલો પહોળો ખાડો સર્જાયો હતો. આસપાસના રહેણાંક વિસ્તારમાં પણ નુકસાન થયું હોવાનું જણાવવામાં આવ્યું છે. કેશ્મ ટાપુ પર મોટી સંખ્યામાં સ્થાનિક લોકો વસવાટ કરે છે અને આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

## ટેરિફ સામે અમેરિકાના ૨૫ રાજ્યોએ કોર્ટમાં અરજી કરી



વોશિંગ્ટન, તા.૪

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત સહિત લગભગ ૬૦ દેશો પર લાદવામાં આવેલા ટેરિફને લઈને હવે અમેરિકાની અંદર જ મોટો કાનૂની વિવાદ ઊભો થયો છે. ડેમોક્રેટિક પાર્ટીના નેતૃત્વ હેઠળના ૨૫ અમેરિકન રાજ્યોએ યુએસ કોર્ટ ઓફ ઈન્ટરનેશનલ ટ્રેડમાં ટ્રમ્પ વહીવટીતંત્ર સામે અરજી દાખલ કરીને આ ટેરિફને ગેરકાયદેસર અને મનસ્વી ગણાવ્યા છે. આ કેસને વૈશ્વિક વેપાર માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે.

અરજદારોનું કહેવું છે કે સેક્શન ૩૦૧ હેઠળ લાગુ કરાયેલા ટેરિફ કાયદાકીય પ્રક્રિયાનું યોગ્ય પાલન કર્યા વિના અમલમાં મૂકવામાં આવ્યા છે. તેમના મતે આ નિર્ણયનો સીધો બોજ અમેરિકન ગ્રાહકો, આયાતકારો અને સ્થાનિક વ્યવસાયો પર પડી રહ્યો છે. રાજ્યોએ કોર્ટને વિનંતી કરી છે કે આ ટેરિફને અમાન્ય જાહેર કરવામાં આવે.

ભારત પર હાલમાં ૧૦ ટકા ટેરિફ લાગુ છે. અગાઉ અમેરિકા દ્વારા ૧૨.૫ ટકા ટેરિફનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો, પરંતુ ભારતે બળજબરીથી મજૂરી કરાવીને બનાવવામાં આવતા ઉત્પાદનોની આયાત સામે કડક નીતિ અપનાવ્યા બાદ આ દર ઘટાડવામાં આવ્યો હતો. તેમ છતાં, વેપાર સંબંધિત કેટલીક તપાસો હજુ ચાલુ છે.ન્યૂયોર્કના એટર્ની જનરલ લેટિશિયા જેમ્સ અને ગવર્નર કેથી હોચુલ સહિતના નેતાઓએ દલીલ કરી છે કે ટ્રમ્પ વહીવટીતંત્રે સેક્શન ૩૦૧નો ઉપયોગ તેના મૂળ હેતુથી અલગ રીતે કર્યો છે. તેમના જણાવ્યા અનુસાર, થોડાક ઉત્પાદનોમાં જ મજૂરીના શોષણ અંગે પ્રશ્નો હોવા છતાં અનેક દેશો સામે વ્યાપક ટેરિફ લાગુ કરવામાં આવ્યા છે.

## ધોરણ ૯ના વિદ્યાર્થીઓ પર ૩ ભાષાઓ ન થોપો

નવી દિલ્હી, તા.૪

સુપ્રીમ કોર્ટમાં CBSEની ધોરણ-૯ની ત્રણ ભાષા નીતિ સામે અરજીઓ પર સુનાવણી થઈ. અરજદારોના વકીલ ગોપાલ શંકર નારાયણે તાત્કાલિક સુનાવણીની માંગ કરી. તેમણે જણાવ્યું કે, ઘણી શાળાઓમાં પસંદ કરેલી ભાષાના શિક્ષકો કે પુસ્તકો નથી. બંગાળમાં વિકલ્પો હોવા છતાં શિક્ષકો નથી. આ નીતિ ૨૦૩૦માં લાગુ થવાની હતી, પરંતુ વહેલા લાગુ થતા વિદ્યાર્થીઓને મુશ્કેલી પડે છે. CJIએ આવતીકાલે સુનાવણીનું આશ્વાસન આપ્યું.

સીબીએસઈના ધોરણ-૯ના વિદ્યાર્થીઓ માટે ત્રણ ભાષા નીતિ ફરજિયાત કરવા સામે દાખલ કરવામાં આવેલી અરજીઓ પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ હતી. મુખ્ય ન્યાયાધીશ (CJI) જસ્ટિસ સૂર્યકાન્તની અધ્યક્ષતા વાળી પીઠ સમક્ષ અરજદારો તરફથી વરિષ્ઠ વકીલ ગોપાલ શંકર નારાયણે આ મામલે ઝડપથી સુનાવણી કરવાની માંગ કરી હતી. વકીલે કોર્ટને જણાવ્યું હતું કે, આ કેસ બુધવારે સુનાવણી માટે લિસ્ટ કરવામાં આવ્યો હતો, પરંતુ બાદમાં તેને યાદીમાંથી હટાવી દેવાયો હતો. તેમણે કહ્યું કે આ મામલે તાત્કાલિક સુનાવણીની જરૂર છે કારણ કે ઘણા વિદ્યાર્થીઓ એવી ભાષા ભણવા મજબૂર છે જેના માટે તેમની શાળાઓમાં પૂરતી વ્યવસ્થા નથી.વરિષ્ઠ વકીલ ગોપાલ શંકર નારાયણે કોર્ટને જણાવ્યું હતું કે, ઘણા બાળકોને તે ભાષા નથી ભણાવવામાં આવી રહી જે તેમણે પસંદ કરી હતી. બાળકો માટે પુસ્તકો અને શિક્ષકો પણ ઉપલબ્ધ નથી. આ વ્યવસ્થા ધોરણ ૫-૮ અને ધોરણ ૮-૧૦ માટે છે.

### પેટ્રોલ-ડીઝલ અને જેટ ફ્યુઅલની નિકાસ પર વિન્ડફોલ ટેક્સ વધ્યો

નવી દિલ્હી, તા.૪

કેન્દ્ર સરકારે પેટ્રોલ, ડીઝલ અને જેટ ફ્યુઅલ (ATF)ની નિકાસ પર લાગતા વિન્ડફોલ ટેક્સમાં વધારો કર્યો છે. નાણા મંત્રાલયના નવા નોટિફિકેશન મુજબ, પેટ્રોલ પર પ્રતિ લિટર ૧, ડીઝલ પર ૧૦ અને જેટ ફ્યુઅલ પર ૭.૫નો વધારો કરવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં વધતી અસ્થિરતા અને ભૂરાજકીય તણાવ વચ્ચે સરકારે આ નિર્ણય લીધો છે.નવી વ્યવસ્થા મુજબ પેટ્રોલ પર નિકાસ શુલ્ક ૨.૫થી વધીને ૩.૫ પ્રતિ લિટર, ડીઝલ પર ૧૫.૫થી વધીને ૨૫.૫ પ્રતિ લિટર અને જેટ ફ્યુઅલ પર ૧૪.૫થી વધીને ૨૨ પ્રતિ લિટર કરવામાં આવ્યો છે. આ ટેક્સ માત્ર નિકાસ માટે લાગુ પડે છે અને દેશની અંદર વેચાતા ઈંધણના ભાવ પર સીધી અસર કરતો નથી.

સામાન્ય ગ્રાહકો માટે હાલ પેટ્રોલ અને ડીઝલના રિટેલ ભાવમાં તાત્કાલિક કોઈ વધારો થવાની શક્યતા નથી, કારણ કે આ ડ્યુટી રિફાઈનરીઓ દ્વારા વિદેશમાં નિકાસ થતા ઉત્પાદનો પર લાગુ કરવામાં આવી છે. સરકારનો ઉદ્દેશ્ય સ્થાનિક બજારમાં ઈંધણનો પૂરતો પુરવઠો જાળવી રાખવાનો અને નિકાસમાંથી મળતા વધારાના નફાને નિયંત્રિત કરવાનો છે. કેન્દ્ર સરકાર વૈશ્વિક ક્રૂડના ભાવ, સ્થાનિક ઉપલબ્ધતા અને બજારની સ્થિતિને ધ્યાનમાં રાખીને દર ૧૫ દિવસે વિન્ડફોલ ટેક્સની સમીક્ષા કરે છે. નવા દરો લાગુ થતાં ભારતીય રિફાઈનરીઓ માટે નિકાસ ખર્ચ વધશે, જ્યારે દેશના ઈંધણ પુરવઠાને વધુ સ્થિર રાખવામાં મદદ મળશે.

વિદ્યાર્થીઓ કોઈપણ શિક્ષક કે પુસ્તકો વિના ક્લાસરૂમમાં બેસી રહ્યા છે.

તેમણે પશ્ચિમ બંગાળનું ઉદાહરણ આપતા કહ્યું કે, કોલકાતામાં હિન્દી, બંગાળી અને સંસ્કૃતના વિકલ્પો છે, પરંતુ તેમની પાસે સંસ્કૃત કે હિન્દીના શિક્ષકો નથી. તેમણે વધુમાં જણાવ્યું કે આ ફોર્મ્યુલા ૨૦૩૦ માં લાગુ થવાનો હતો, જે હેઠળ ભાષા પસંદગી માટે ૨૨ ભાષાઓનો વિકલ્પ આપવો જરૂરી છે,

પરંતુ મોટાભાગની શાળાઓમાં આ વિકલ્પો નથી. આના પર જસ્ટિસ બાગચીએ કહ્યું કે, ભાષા પસંદ કરવાનો વિકલ્પ ધોરણ ૬માં હોવો જોઈએ અને તે વિકલ્પો પણ એવા હોવા જોઈએ જે ખરેખર શક્ય હોય.

વરિષ્ઠ વકીલ ગોપાલ શંકર નારાયણે કહ્યું, 'કોર્ટને અમારી વિનંતી છે કે ધોરણ ૯ માટે જે થ્રી લેંગ્વેજ પોલિસીનું ફરજિયાતપણું છે તેને હટાવી દેવામાં આવે, કારણ કે ધોરણ ૯માં આવતા બાળકો પર બોર્ડનું વધારાનું દબાણ હોય છે.' હાલમાં CJIએ આશ્વાસન આપ્યું છે કે આવતીકાલે આ મામલાને સુનાવણી માટે લિસ્ટ કરવામાં આવી શકે છે.

## પાકિસ્તાનમાં ૩૦થી વધુ આતંકીઓના મોતનો દાવો



નવી દિલ્હી, તા.૪

પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા એક ઓપરેટિવે જાહેર સભામાં દાવો કર્યો છે કે છેલ્લા ૩થી ૪ વર્ષમાં પાકિસ્તાનના અલગ-અલગ શહેરોમાં તેમના ૩૦ થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા છે.સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા એક વીડિયોમાં લશ્કરના ઓપરેટિવ રિઝવાન હનીફે દાવો કર્યો છે કે ભારતીય ગુપ્તચર એજન્સીઓએ ×અજ્ઞાત હુમલાખોર મોડેલ× દ્વારા પાકિસ્તાનમાં ઘૂસીને આતંકીઓનો સફાયો કર્યો છે.રિઝવાન હનીફે પોતાના સંબોધનમાં દાવો કર્યો છે કે લશ્કરના ઓપરેટિવ્સને પાકિસ્તાનના અનેક મુખ્ય શહેરોમાં નિશાન બનાવવામાં આવ્યા છે. જેમાં પેશાવર, કરાચી, રાવલપિંડી, મુઝફ્ફરાબાદ અને રાવલાકોટ જેવા વિસ્તારો સામેલ છે.છેલ્લા કેટલાક વર્ષોથી પાકિસ્તાનની ધરતી પર ભારત વિરોધી આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ આતંકીઓની અજાણ્યા બંદૂકધારીઓ દ્વારા હત્યા કરવામાં આવી રહી છે. આ ઘટનાઓને કારણે પાકિસ્તાન સરકારે અગાઉ પણ ભારત પર આરોપો લગાવ્યા હતા, જેને નવી દિલ્હીએ હંમેશાં સ્પષ્ટપણે ફગાવી દીધા છે. પરંતુ લશ્કરના ટોચના ઓપરેટિવ દ્વારા આટલી મોટી સંખ્યામાં આતંકીઓના મોતની આ પ્રથમ વખત જાહેર કબૂલાત કરવામાં આવી છે.પોતાના સંબોધન દરમિયાન રિઝવાન હનીફે અન્ય ધર્મો અને તેમના અનુયાયીઓ સામે ભારે ઝેર ઓક્યું હતું. તેણે આતંકવાદીઓના મોતોને ધર્મ સાથે જોડવાનો પ્રયાસ કરતા દાવો કર્યો હતો કે તેમના લોકોનો ×એકમાત્ર ગુનો× તેમનો ધાર્મિક વિશ્વાસ હતો. ભાષણના અંતે તેણે અમેરિકા અને ઈઝરાયેલનો ઉલ્લેખ કરીને ધાર્મિક કટ્ટરતા દર્શાવતા નિવેદનો આપ્યા હતા.

## તંત્રી સ્થાનેથી..

### ૧૯૯૧માં સેન્સેક્સમાં સામેલ ૩૦ કંપનીઓમાંથી, આજે ફક્ત સાત મોજુદ

૧૯૯૧માં ઉદારીકરણ દ્વારા લાવવામાં આવેલા આર્થિક પરિદ્રશ્યમાં કદાચ સૌથી મહત્વપૂર્ણ પરિવર્તન ભારતના શેરબજારમાં પરિવર્તન છે. ભારતના બેન્ચમાર્ક ઈન્ડેક્સ, બીએસઈ સેન્સેક્સની રચના, ભારતના કોર્પોરેટ ક્ષેત્રમાં પરિવર્તનની તીવ્રતાને પ્રતિબિંબિત કરે છે, સફળ કંપનીઓ નિયમિતપણે પાછળ રહેતી કંપનીઓને બદલે છે.

૧૯૯૧માં બીએસઈ સેન્સેક્સમાં લિસ્ટેડ ૩૦ શેર ધરાવતી કંપનીઓમાંથી, સુધારાના ૩૫ વર્ષ પછી ફક્ત સાત કંપનીઓ સેન્સેક્સમાં રહી છે. બાકીની કંપનીઓ કાં તો બંધ થઈ ગઈ અથવા ટોચની ૩૦ લિસ્ટેડ કંપનીઓમાં સામેલ થવા માટે જરૂરી ગતિએ વૃદ્ધિ કરવામાં નિષ્ફળ ગઈ છે. આ ફેરફારો ભારતીય અર્થતંત્રના વ્યાપક પરિવર્તનને પ્રતિબિંબિત કરે છે.

આજ સુધી ઈન્ડેક્સમાં પોતાનું સ્થાન જાળવી રાખનારી કંપનીઓમાં, ટાટા સ્ટીલ સૌથી આગળ છે. આ સ્ટીલ ઉત્પાદક ૧૯૯૧માં ઈન્ડેક્સમાં સૌથી મૂલ્યવાન કંપની હતી. માર્ચ ૧૯૯૧ના અંતમાં, તેનું બજાર મૂડીકરણ (એમ-કેપ) રૂ. ૩,૬૫૩.૫ કરોડ હતું. રિઝર્વ બેંકના ડેટા અનુસાર, તે સમયે રૂપિયા-ડોલર વિનિમય દર સરેરાશ રૂ. ૧૯.૨ પ્રતિ ડોલર હતો. માર્ચ ૧૯૯૧ના અંતમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ઈન્ડેક્સમાં બીજી સૌથી મોટી લિસ્ટેડ કંપની હતી, જેનું બજાર મૂડીકરણ રૂ. ૧,૮૨૫.૭ કરોડ હતું. ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ રૂ. ૧,૭૮૮.૩ કરોડના બજાર મૂડીકરણ સાથે ત્રીજી સૌથી મોટી લિસ્ટેડ કંપની હતી.

હિન્દુસ્તાન યુનિલિવર પણ ૧૯૯૧ થી સતત ઈન્ડેક્સનો સભ્ય છે. HUL નું ૧૯૯૧ માં રૂ. ૧,૩૫૩.૧ કરોડનું બજાર મૂડીકરણ હતું. રૂ. ૯૦૨.૨ કરોડના બજાર મૂડીકરણ સાથે ઁ્ઝ, રૂ. ૮૪૮.૫ કરોડના બજાર મૂડીકરણ સાથે લાર્સન એન્ડ ટુબ્રો અને રૂ. ૧૩૦ કરોડના બજાર મૂડીકરણ સાથે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનો ૧૯૯૧ માં સેન્સેક્સ કંપનીઓમાં સમાવેશ થયો હતો. બેન્ચમાર્ક ઈન્ડેક્સ માર્ચ ૧૯૯૧ના અંતમાં ૧,૧૬૮ પોઈન્ટથી વધીને જુલાઈ ૨૦૨૬ના અંતમાં ૭૮,૦૯૪.૬ પોઈન્ટ થયો, જે ૬૭ ગણો વધારો દર્શાવે છે. આનાથી રોકાણકારોને વાર્ષિક ધોરણે ૧૨.૬% વળતર મળ્યું છે.

# કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬ ના વેઈટલિફ્ટિંગ મેડલ વિજેતાઓને કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખ માંડવીયા દ્વારા રોકડ પુરસ્કારોથી સન્માનિત કરાયા

### કેન્દ્રીય મંત્રીએ એથ્લેટ્સને શાળાઓ અને કોલેજોની મુલાકાત લઈને નવી પેઢીને પ્રેરણા આપવા અનુરોધ કર્યો



નવી દિલ્હી,

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડો. મનસુખ માંડવિયાએ સોમવારે ગ્લાસગોમાં ભારતના કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬ ના વેઈટલિફ્ટિંગ મેડલ વિજેતાઓના ઐતિહાસિક પ્રદર્શનની પ્રશંસા કરતા તેઓનું સન્માન કર્યું હતું. ભારતીય વેઈટલિફ્ટર્સે ૧૧ જેટલી વજન કેટેગરીમાં સ્પર્ધા કરી હતી અને આઠ મેડલ – એક ગોલ્ડ, છ સિલ્વર અને એક બ્રોન્ઝ સાથે પરત ફર્યા હતા. ભારતીય ટુકડીએ અનેક કોમનવેલ્થ ગેમ્સ અને કોમનવેલ્થ રેકોર્ડ્સ નોંધાવ્યા હતા, જ્યારે કેટલાક એથ્લેટ્સે વ્યક્તિગત શ્રેષ્ઠ લિફ્ટ પણ પ્રાપ્ત કરી હતી.

મંત્રીશ્રીએ કોમનવેલ્થ ગેમ્સમાં તેમની ઉત્કૃષ્ટ સિદ્ધિઓની જાહેરાતમાં ગોલ્ડ મેડલ વિજેતાઓને ૩૦ લાખ, સિલ્વર મેડલ વિજેતાઓને ૨૦ લાખ અને બ્રોન્ઝ મેડલ વિજેતાઓને ?૧૦ લાખના રોકડ પુરસ્કારો અર્પણ કર્યા હતા, જ્યાં ભારતીય વેઈટલિફ્ટર્સે દેશના સૌથી મજબૂત અભિયાનોમાંનું એક આપ્યું હતું.

લિફ્ટર્સને અભિનંદન આપતા ડો. માંડવિયાએ જણાવ્યું હતું કે સમગ્ર દેશે તેમની સિદ્ધિઓની ઉજવણી કરી છે. ×સંસદમાં પણ જ્યારે પણ તમે મેડલ જીત્યા ત્યારે જાહેરાતો કરવામાં આવી હતી. તે ક્ષણોએ દરેક ભારતીયને ગૌરવ અપાવ્યું હતું,× તેમણે કહ્યું.

મંત્રીશ્રીએ દ્રોણાચાર્ય એવોર્ડ વિજેતા વિજય શર્મા સહિતના કોચને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી, જેઓ સોમવારે સન્માન સમારોહ દરમિયાન ઉપસ્થિત હતા, તેમણે ચેમ્પિયન બનાવવા માટે તેમની અપરિહાર્ય ભૂમિકા પર ભાર મૂક્યો હતો. ×એથ્લેટની મુસાફરીમાં ગુરુની સૌથી મોટી ભૂમિકા હોય છે. ચેમ્પિયન બનાવવામાં કોચના યોગદાનથી મોટું કંઈ નથી,× તેમણે ઉમેર્યું.

ઓલમ્પિક સિલ્વર મેડલ વિજેતા મીરાબાઈ ચાનુએ સતત ત્રણ કોમનવેલ્થ ગેમ્સ ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ભારતીય વેઈટલિફ્ટર બનીને ઈતિહાસ રચ્યો હતો, જ્યારે ૠષિકાંત સિંહ અને વલ્લુરી અજય બાબુએ સ્નેચમાં નવા કોમનવેલ્થ ગેમ્સ રેકોર્ડ બનાવ્યા હતા. જ્ઞાનેશ્વરી યાદવ અને હરજિંદર કૌર સહિતના કેટલાક લિફ્ટર્સે વ્યક્તિગત શ્રેષ્ઠ પ્રદર્શન નોંધાવ્યું હતું.

સ્પર્ધા કરનાર ૧૧ વેઈટલિફ્ટર્સમાંથી છ ખેલો ઈન્ડિયા એથ્લેટ્સ છે. મેડલ વિજેતાઓમાં જ્ઞાનેશ્વરી ખેલો ઈન્ડિયા એથ્લેટ છે, જ્યારે બિંદિયારાની દેવી, હરજિંદર અને અન્ય લોકો પટિયાલામાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના નેશનલ સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે તાલીમ લે છે, જે ભારતના ગાસરૂટ અને ભદ્ર એથ્લેટ વિકાસ ઈકોસિસ્ટમની સફળતામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

એથ્લેટ્સને રમતના પ્રચારક બનવા માટે આહ્વાન કરતા માનનીય મંત્રીએ વેઈટલિફ્ટર્સને યુવાનોને રમતો અપનાવવા માટે પ્રેરણા આપવા શાળાઓ અને કોલેજોની મુલાકાત લેવા પણ અનુરોધ કર્યો હતો. ×તમારી વાર્તાઓ હજારો બાળકોને મોટા સ્વપ્નો જોવા માટે પ્રેરિત કરી શકે છે. આપણે સાથે મળીને સાચા અર્થમાં રમતગમત પ્રેમી દેશ બનાવવા તરફ નિર્ણાયક પગલાં ભરી રહ્યા છીએ,× તેમણે કહ્યું હતું.

ડો. માંડવિયાએ વેઈટલિફ્ટર્સ સાથે તેમના સંઘર્ષો, પોડિયમ સુધીની મુસાફરી અને ભવિષ્યની સ્પર્ધાઓ, ખાસ કરીને એશિયન ગેમ્સ ૨૦૨૬ માટેની તેમની આકાંક્ષાઓ વિશે વાતચીત કરી હતી. એથ્લેટ્સે મુશ્કેલીઓમાંથી બહાર આવવાની વાર્તાઓ, રાષ્ટ્રીય કોચિંગ કેમ્પ, આંતરરાષ્ટ્રીય એક્સપોઝર અને વૈજ્ઞાનિક તાલીમ દ્વારા મળેલી સહાય અને દેશ માટે ગૌરવ અપાવવાનું ચાલુ રાખવાના તેમના દ્રઢ નિશ્ચયને વહેંચ્યો હતો.પોડિયમ પર સ્થાન મેળવવાથી સહેજ માટે ચૂકી ગયેલા એથ્લેટ્સને સંબોધતા ડો. માંડવિયાએ તેમને હિંમત ન હારવા પ્રોત્સાહિત કર્યા હતા. ×રમતવીર ક્યારેય સાચા અર્થમાં હારતો નથી. સુધારો કરતા રહેવાનો ઉત્સાહ મહત્વનો છે. હું માનું છું કે માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આશીર્વાદ અને ૧૪૦ કરોડ ભારતીયોનું સમર્થન હંમેશા તમારી સાથે છે.×ભારતીય રમતગમત માટે સરકારના લાંબા ગાળાના વિઝન પર પ્રકાશ પાડતા ડો. માંડવિયાએ નોંધ્યું હતું કે ઘણા મેડલ વિજેતાઓ ખેલો ઈન્ડિયા જેવી પહેલો દ્વારા ઉભરી આવ્યા છે, જે યુવા એથ્લેટ્સને વિશ્વ ધોરણની કોચિંગ, વૈજ્ઞાનિક સહાય અને સ્પર્ધાત્મક એક્સપોઝર પૂરું પાડે છે. ×દેશે તમારામાં રોકાણ કર્યું છે કારણ કે તે તમારી ક્ષમતામાં વિશ્વાસ રાખે છે. દરેક સંભવિત સુવિધા ઊભી કરવામાં આવી રહી છે જેથી ભારતીય એથ્લેટ્સ વિશ્વના શ્રેષ્ઠ એથ્લેટ્સ સામે સ્પર્ધા કરી શકે,× તેમણે કહ્યું.

### બચાવ કામગીરી યુદ્ધના ધોરણે શરૂ

# હરદોઈમાં ગંગા સ્નાન દરમિયાન ત્રણ યુવકો નદીમાં ગરકાવ

### ઊંડા પાણી અને તેજ પ્રવાહમાં ત્રણ યુવકો લાપતા; SDRF, સ્થાનિક ગોતાખોરો અને પોલીસ દ્વારા સર્ચ ઓપરેશન ચાલુ

લખનૌ, તા.૪

ઉત્તર પ્રદેશના હરદોઈ જિલ્લામાં ગંગા નદીમાં સ્નાન દરમિયાન ત્રણ યુવકો નદીના ઊંડા પાણીમાં ગરકાવ થઈ જવાની ઘટના સામે આવી છે.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ, પ્રશાસન અને બચાવ ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. હાલમાં SDRF, સ્થાનિક ગોતાખોરો અને પોલીસની સંયુક્ત ટીમ દ્વારા વ્યાપક સર્ચ અને રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.પ્રાથમિક માહિતી અનુસાર, ત્રણેય યુવકો ગંગા નદીમાં સ્નાન કરી રહ્યા હતા. દરમિયાન તેઓ નદીના ઊંડા ભાગમાં પહોંચી ગયા અને પાણીના તેજ પ્રવાહમાં ફસાઈ ગયા હતા. ઊંડાણ અને વહેણનો યોગ્ય અંદાજ ન આવી શકતાં તેઓ પાણીમાં ગરકાવ થઈ ગયા હોવાનું પોલીસના પ્રાથમિક તારણમાં સામે આવ્યું છે.ઘટનાની જાણ મળતાં જ મોટી સંખ્યામાં સ્થાનિક લોકો ઘટનાસ્થળે એકત્ર થઈ ગયા હતા. યુવકોના પરિવારજનોમાં ચિંતાનો માહોલ છવાઈ ગયો છે. પોલીસ અધિકારીઓ પણ સ્થળ પર હાજર રહી સમગ્ર બચાવ કામગીરી પર નજર રાખી રહ્યા છે.બચાવ કામગીરી દરમિયાન નદીમાં બોટ, જાળીઓ અને ગોતાખોરોની મદદથી યુવકોની શોધખોળ કરવામાં આવી રહી છે. નદીમાં ભારે વહેણને કારણે બચાવ કામગીરીમાં પડકારો આવી રહ્યા છે, તેમ છતાં ટીમો સતત પ્રયાસ કરી રહી છે.

# ગંભીર ગુનાઓના આરોપીઓને રાહત નહીં, અન્ય કેસોમાં રાજ્યો કાર્યવાહી અંગે નિર્ણય લઈ શકશે

### સામાન્ય આરોપો અથવા વિરોધ પ્રદર્શન સાથે સંબંધિત હળવા ગુનાઓના કેસોમાં દરેક મામલાની પરિસ્થિતિને આધારે નિર્ણય લેવામાં આવી શકે છે

નવી દિલ્હી, તા.૪

વિરોધ પ્રદર્શન દરમિયાન નોંધાયેલા ગુનાઓ સંબંધિત અરજીઓની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે પોતાના અગાઉના આદેશમાં મહત્વપૂર્ણ સ્પષ્ટતા કરી છે. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું છે કે ગંભીર અને જઘન્ય ગુનાઓના આરોપીઓને કોઈ રાહત આપવામાં આવશે નહીં, જ્યારે અન્ય કેસોમાં રાજ્ય સરકારો કાયદા મુજબ કાર્યવાહી ચાલુ રાખવા કે પાછી ખેંચવાનો નિર્ણય લેવા માટે સ્વતંત્ર રહેશે.

કોર્ટે સ્પષ્ટ કર્યું કે અગાઉના આદેશમાં ઉપયોગમાં લેવાયેલો ×ગુનાહિત પૃષ્ઠભૂમિ× શબ્દપ્રયોગ માત્ર હત્યા, બળાત્કાર જેવા ગંભીર ગુનાઓના આરોપીઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો હતો. સામાન્ય આરોપો અથવા વિરોધ પ્રદર્શન સાથે સંબંધિત હળવા ગુનાઓના કેસોમાં દરેક મામલાની પરિસ્થિતિને આધારે નિર્ણય લેવામાં આવી શકે છે.

સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકાર તરફથી હાજર સોલિસિટર જનરલે જણાવ્યું કે ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા લોકો સામે નોંધાયેલા કેસો પાછા ખેંચવામાં આવશે નહીં.

તેમણે કોર્ટને જણાવ્યું કે આવા આરોપીઓની અલગ યાદી તૈયાર કરવામાં આવી છે અને સરકાર અગાઉ આપેલા વચન મુજબ કાર્યવાહી કરી રહી છે.

સુનાવણી દરમિયાન અરજદારો તરફથી વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ કાર્યવાહી, બળપ્રયોગ, દેખરેખની પદ્ધતિ અને અન્ય મુદ્દાઓ અંગે પણ અનેક પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. કેટલાક વકીલોએ પોલીસની કાર્યવાહી અંગે સ્વતંત્ર તપાસની માંગ કરી હતી તેમજ સંબંધિત અધિકારીઓ પાસેથી સોગંદનામા માંગવાની પણ રજૂઆત કરી હતી.

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર અને સંબંધિત રાજ્ય સરકારોને જરૂરી સોગંદનામા રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. સાથે જ કેટલાક મુદ્દાઓ, જેમાં પોલીસ કાર્યવાહી અને અન્ય વહીવટી નિર્ણયોનો પણ સમાવેશ થાય છે, તેના અંગે વિગતવાર જવાબ રજૂ કરવા સૂચના આપવામાં આવી છે.

સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે આ મામલાની આગામી સુનાવણી ૧૯ ઓગસ્ટના રોજ હાથ ધરવામાં આવશે. તે સમયે કોર્ટ કેન્દ્ર અને રાજ્યો દ્વારા લેવામાં આવેલા પગલાં, કેસો અંગેની સ્થિતિ તેમજ રજૂ કરાયેલા સોગંદનામાની સમીક્ષા કરશે. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું કે ગંભીર ગુનાઓ અને સામાન્ય વિરોધ સંબંધિત કેસો વચ્ચે સ્પષ્ટ ભેદ રાખીને કાયદા મુજબ નિર્ણય લેવામાં આવશે.

# ગ્લાસગોએ કોમનવેલ્થ ગેમ્સનો વિજયોત્સવ ભારતને સોંપ્યો; નીરજ ચોપરા, પીટી ઉષાએ કોમનવેલ્થ ગેમ્સનો ધ્વજ સ્વીકાર્યો



ગ્લાસગો,

૧૧ દિવસની સ્પર્ધા પછી ૨૦૨૬ કોમનવેલ્થ ગેમ્સનું સમાપન કરવામાં આવ્યું, જેમાં સ્કોટલેન્ડે રવિવારે ગ્લાસગોના ઓવીઓ હાઈડ્રો ખાતે એક ભવ્ય સમાપન સમારોહ દરમિયાન ભારતને કોમનવેલ્થ ગેમ્સનો ધ્વજ અને ઔપચારિક દંડૂકો સોંપ્યો, જે ૨૦૩૦ માં સીમાચિહ્નરૂપ શતાબ્દી આવૃત્તિનું આયોજન કરશે.

૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સ અમદાવાદમાં યોજાશે, જેના કારણે ભારત ઓસ્ટ્રેલિયા પછી એક કરતા વધુ વખત બહુ-રમતગમત ઈવેન્ટનું આયોજન કરનાર બીજો દેશ બનશે. ભારતે અગાઉ ૨૦૧૦ માં નવી દિલ્હીમાં રમતોનું આયોજન કર્યું હતું.

કિંગ ચાર્લ્સ ત્રીજાનું પ્રતિનિધિત્વ કરતા એડિનબર્ગના ડ્યુક પ્રિન્સ એડવર્ડે ઔપચારિક રીતે રમતોના સમાપનનું જાહેર કર્યું. ×તમે જે રીતે સ્પર્ધા કરી, સંચાલન કર્યું, ટેકો આપ્યો, રમતોનું આયોજન કર્યું તે બદલ આભાર. તમે આજે રાત્રે ફરી એકવાર કોમનવેલ્થની ભાવના અને મૂલ્ય લાવ્યા છો. આભાર, ગ્લાસગો,× તેમણે કહ્યું.

×હું બધા દેશો અને પ્રદેશોના રમતવીરોને ચાર વર્ષમાં અમદાવાદ, ભારત આવવા માટે આહ્વાન કરું છું જેથી રમતોની શતાબ્દીમાં ૨૪મી કોમનવેલ્થ ગેમ્સની ઉજવણી કરી શકાય,× તેમણે ઉમેર્યું.

જૈસ્મીન લેમ્બોરિયા સમાપન સમારોહમાં ભારતનો ધ્વજ લઈ જાય છે

મહિલાઓની ૫૭ કિગ્રા કેટેગરી બોક્સિંગ સ્પર્ધામાં ગોલ્ડ જીત્યા બાદ સમાપન સમારોહમાં જયસ્મીન લેમ્બોરિયાએ ભારતનો ધ્વજ લઈ જાય છે.

કોમનવેલ્થ ગેમ્સના ધ્વજને સમગ્ર મેદાનમાં પ્રતીકાત્મક યાત્રા સાથે ઔપચારિક સોંપણી શરૂ થઈ.

ગ્લાસગો લોર્ડ પ્રોવોસ્ટ જેક્લીન મેકલેરેન ત્યારબાદ કોમનવેલ્થ ગેમ્સ સ્કોટલેન્ડના વાઈસ-ચેર સુસાન જેક્સન, સ્કોટિશ નેટબોલ ખેલાડી એમિલી નિકોલ, કોમનવેલ્થ સ્પોર્ટના પ્રમુખ ડૉ. ડોનાલ્ડ રુકારે, બે વખતના ઓલિમ્પિક મેડલ વિજેતા નીરજ ચોપરા, ભારતીય ઓલિમ્પિક એસોસિએશનના પ્રમુખ પીટી ઉષા અને અંતે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને ધ્વજ સોંપ્યો.

આ સમારોહમાં સત્તાવાર રીતે સ્કોટલેન્ડથી ભારતને યજમાન જવાબદારીઓનું ટ્રાન્સફર કરવામાં આવ્યું, જેમાં અમદાવાદ ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવા માટે તૈયાર છે, જે ઈવેન્ટની ૧૦૦મી વર્ષગાંઠ આવૃત્તિ છે.

ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક ટેપેસ્ટ્રી કેન્દ્ર સ્થાને છે

સમપર્ણ સમારોહ ભારતની સાંસ્કૃતિક વિવિધતા અને સદીઓ જૂની પરંપરાઓના રંગબેરંગી પ્રદર્શનમાં સંક્રમણ કરતા પહેલા સ્કોટલેન્ડના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની ઉજવણી સાથે શરૂ થયો.

ભારતીય હસ્તાંતરણ પ્રસ્તુતિ ત્રણ ભાગમાં પ્રગટ થઈ, જે પ્રેક્ષકોને સાંસ્કૃતિક યાત્રા પર લઈ ગઈ. આ પ્રદર્શન ×વસુધૈવ કુટુમ્બકમ× - ×વિશ્વ એક પરિવાર છે× - ના પ્રાચીન ભારતીય દર્શનની આસપાસ બનાવવામાં આવ્યું હતું - એક થીમ જે કોમનવેલ્થના એકતા, મિત્રતા અને સમાવેશકતાના આદર્શોને પ્રતિબિંબિત કરે છે.

ઉદ્ઘાટન કાર્યમાં ભારતના રાષ્ટ્રીય ગીત વંદે માતરમના ૧૫૦ વર્ષ પૂર્ણ થયા, જેમાં અભિનેત્રી માનુષી છિલ્લરના નેતૃત્વમાં ભવ્ય નૃત્ય નિર્દેશન પ્રદર્શન કરવામાં આવ્યું.

સમારંભની એક ખાસિયત એક અનોખી ભારત-સ્કોટિશ સાંસ્કૃતિક સહયોગ હતી, જેમાં બંને દેશોના સંગીતકારો અને નર્તકો એક જીવંત ‘જુગલબંધી‘ માટે ભેગા થયા હતા જે ગ્લાસગોથી અમદાવાદ સુધી દંડૂકો પસાર કરવાનું પ્રતીક હતું.

શંકર મહાદેવન તેમના પુત્રો સિદ્ધાર્થ અને શિવમ મહાદેવન સાથે એક કોન્સર્ટ માટે સ્ટેજ પર પાછા ફર્યા જેમાં ભારતના કેટલાક સૌથી જાણીતા ગીતો રજૂ કરવામાં આવ્યા હતા, જેમાં ×સુનો ગૌર સે દુનિયા વાલોં, ભાગ મિલ્ખા, એ વતન વતન અને લહેરા દો×નો સમાવેશ થાય છે.

ગુજરાતી પ્લેબેક સિંગર ભૂમિ ત્રિવેદીએ યજમાન રાજ્યને ખાસ શ્રદ્ધાંજલિ આપી, ચાર વર્ષમાં કોમનવેલ્થનું સ્વાગત કરતા પહેલા ગુજરાતને કેન્દ્ર સ્થાને રાખવાની ખાતરી આપી.

ભારત મેડલ ટેબલમાં ચોથા સ્થાને રહ્યું

ભારતે રમતગમતના મોરચે પ્રભાવશાળી પ્રદર્શનનો આનંદ માણ્યો, કુલ ૩૯ મેડલ સાથે મેડલ ટેબલમાં ચોથા સ્થાને રહ્યું - ૧૩ ગોલ્ડ, ૧૭ સિલ્વર અને નવ બ્રોન્ઝ - અને કોમનવેલ્થ ગેમ્સનું સફળ સમાપન કર્યું.

ભારતનો મેડલ ૨૦૨૨ માં બર્મિંગહામમાં જીતેલા ૬૧ મેડલ કરતા ઓછો હોવા છતાં, સંદર્ભ કંઈક અલગ જ વાર્તા કહે છે. તેમાંથી ત્રીસ મેડલ ગ્લાસગો પ્રોગ્રામમાંથી કાઢી નાખવામાં આવેલી રમતોમાં આવ્યા હતા.બર્મિંગહામમાં ૨૧૦ એથ્લેટ્સની સરખામણીમાં ૧૨૨ એથ્લેટ્સની નોંધપાત્ર રીતે ઓછી ટુકડી મોકલવા છતાં, ભારતે તેનું ચોથું સ્થાન જાળવી રાખ્યું અને મેડલ રૂપાંતર દર વધુ મજબૂત બનાવ્યો, જેમાં ૩૮ એથ્લેટ્સ ઓછામાં ઓછા એક મેડલ સાથે ઘરે પરત ફર્યા. લાંબા અંતરના દોડવીર ગુલવીર સિંહ દેશના એકમાત્ર બહુવિધ મેડલ વિજેતા તરીકે ઉભરી આવ્યા, જેમણે બે મેડલ જીત્યા.ઔપચારિક સોંપણી પૂર્ણ થયા પછી, ધ્યાન અમદાવાદ તરફ જાય છે, જે ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવા માટે તૈયાર છે, જે બહુ-રમતગમત ઈવેન્ટની શતાબ્દી આવૃત્તિ છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No:226**

વિષય:- લોકજીવન
શીર્ષક:-?મારી દ્રષ્ટિએ લોકજીવન
રચના:પદ્ય શબ્દો:-૭૦

ચૂલાના ધુમાડામાં પરોઢ મળે છે લોકોમાં,
ઢોલના તાલે આખું ગામ મળે છે લોકોમાં.

ખેતરની માટીમાં પરસેવો ફળે છે લોકોમાં,
માના હાથના રોટલા પ્રેમ મળે છે લોકોમાં.

વડલા નીચે ડાળીમાં સાંજ ઢળે છે લોકોમાં,
એકતારાના સ્વરોમાં દુઃખો ટળે છે લોકોમાં.

મેળાના માહોલે પ્રણયરસ ભળે છે લોકોમાં,
હાટની હાકલમાં વળી હેત મળે છે લોકોમાં.

દીકરી મુખડે મહિયર ધ્વનિ મળે છે લોકોમાં,
ભૂખી ધરાને ખોળામાં મેળા મળે છે લોકોમાં.

સુભાષ ઉપાધ્યાય 'મેહુલ'(અમેરિકા)
સ્ર★★★★★

**NOG SS NO 166**

વિષય:- લોક જીવનની ઝલક
શીર્ષક:- સંસ્કારની સંપત્તિ
પ્રકાર:પદ્ય શબ્દો:૬૯

માટીની મહેકમાં વસે છે જીવનની લાલી,
ગામની ગલીમાં દેખાય, પ્રેમની સરવાણી.

પરસેવાના મોતીથી ચમકે રોજની મહેનત,
સાદગીના રંગે લખાય લોકજીવનની લાલી.

સુખમાં સૌ હસે, દુઃખમાં ખભે ખભો મેળવે,
માનવતાની છાયામાં ખીલે છે હૈયાની ડાળી.

તહેવાર અને મેળામાં છલકે ઉમંગોના રંગો,
લોક સંગીતના સ્વરે રમે જનતા રંગતાળી.

વડીલોના આશીર્વાદ, સંતાનોના સ્મિત સાથે,
સંસ્કારની સંપત્તિ જળવાય આંગણે નિરાલી.

"મુરલી" ગાય લોકજીવનનું અમર મધુર ગાન,
માટી સાથે જોડાયેલી એ જ સાચી ખુશહાલી.

રચના:-ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)
★★★★★★★

**NOG SS NO 167**

વિષય:"લોકજીવનની ઝલક"
શિર્ષક:"વિવિધતામાં એકતા"
પ્રકાર:ગદ્ય શબ્દો:૩૫૦

લોકજીવન એટલે લોકો દ્વારા જીવાતું નિજી જીવન. લોકજીવન પરથી જે તે પ્રદેશની સંસ્કૃતિની ઝલક મળે છે. જેમ આપણામાં કહેવાત છે કે "બાર ગાઉએ બોલી બદલાય" એમ લોકજીવનમાં પણ ફેરફાર જોવા મળે છે.

લોકજીવન સામાન્ય રીતે લોકોનું જીવન, રહેણીકરણી અને સમાજ જીવનનું પ્રતિબિંબ છે. તેમાં ખાસ કરીને લોકજીવન અને સંસ્કૃતિની ઝલક જોવા મળે છે.આ ઉપરાંત રીતિરિવાજો અને દૈનિક વ્યવહાર અને સામાજિક વ્યવહાર પણ જોવા મળે છે.

લોકજીવનના મુખ્ય અંગો જોઈએ તો એ જે તે પ્રદેશનો ખોરાક અને પોશાક છે. સામાન્ય રીતે પ્રદેશ પ્રમાણે લોકોનો પહેરવેશ અને ખાવા-પીવાની રીતો બદલાતી હોય છે. આ ઉપરાંત ધાર્મિક અને સામાજિક રિવાજો અને તહેવારો, ઉત્સવો પરંપરાગત માન્યતાઓ પર આધારિત હોય છે.

કલા અને લોકસાહિત્ય, ગીતો, નૃત્ય, હસ્તકલા વગેરેમાં જે તે પ્રદેશ અને લોકજીવનની ઝલક જોવા મળે છે.ભારતના લોકજીવનમાં વિવિધતા છે છતાં એ વિવિધતામાં એકતાનું સુંદર ઉદાહરણ જોવા મળે છે. જેમાં ખોરાક, પહેરવેશ, ભાષા અને તહેવારોની ભિન્નતા હોવા છતાં ભાઈચારો જોવા મળે છે.

ભારતના દરેક રાજ્ય અને પ્રદેશની લોક સંસ્કૃતિ અલગ અલગ છે.ભાષા, પહેરવેશ અને ખોરાક અલગ છે.આથી તેમાં લોકોની ઓળખાણ જે તે પ્રદેશ પ્રમાણે પ્રતિબિંબિત થાય છે.તેમાંથી સંસ્કૃતિની ઝલક જોવા મળે છે.

જેમ ભારતનું લોકજીવન વિવિધતામાં વહેંચાયેલું છે તેમ ગુજરાતનું લોકજીવન પણ વિવિધ પ્રકારનું છે.સામાન્ય રીતે ગુજરાતનાં લોકજીવનમાં ખોરાકમાં રોટલી, ભાત, શાક, દાળ-ભાત, ખાંડવી-ઢોકળા જેવી વાનગીઓ હોય છે.પહેરવેશમાં પુરુષો ધોતિયું-કેડિયું કે પેન્ટ-શર્ટ અને સ્ત્રીઓ સાડી, ચણિયાચોલી અને ઓઢણીનો ઉપયોગ કરે છે.પણ વિશેષતા એ છે કે દરિયાકિનારે વસતા લોકોનો મુખ્ય ખોરાક ભાત અને માછલાં છે.

લોકનૃત્યો અને કલામાં ખાસ કરીને ગરબા અને રાસ. ગુજરાતના જાણીતા પરંપરાગત નૃત્યો જેવા કે ડાંગ દરબારઃ આદિવાસી સંસ્કૃતિ દર્શાવતો મેળો.ભવાઈ જે લોકનાટ્ય કલાનું પરંપરાગત સ્વરૂપ છે એ પણ પ્રદેશ પ્રમાણે ભજવાય છે.

ભારત એક વિશાળ અને રાજ્યોમાં વહેંચાયેલો દેશ છે.દરેક રાજ્યનું લોકજીવન, સામાજિક જીવન,ખોરાક, પહેરવેશ,કલા, નૃત્યકલા અને લોક સંસ્કૃતિ અલગ અલગ પ્રકારની છે.લોકજીવન અને સંસ્કૃતિ જે તે રાજ્યનું પ્રતિનિધિત્વ કરે છે.દરેક રાજ્યમાં તહેવારો જેવા કે દિવાળી, હોળી, ઈદ, નાતાલ અને ઉત્તરાયણ જેવા તહેવારો ઉજવાય છે પણ એ પોત પોતાના લોકજીવન પ્રમાણે ઉજવાય છે.જો દરેક રાજ્ય અને લોકજીવન વિશે લખવા બેસીએ તો ઘણું લખી શકાય.

ગુજરાત ના લોકજીવનમાં પણ વિવિધતા જોવા મળે છે. ટૂંકમાં જોઈએ તો લોકજીવન એ વિવિધતામાં એકતાનો સંદેશ આપતું જીવન છે.
નરેન્દ્ર ત્રિવેદી(ભાવનગર)
★★★★★★★

**NOG SS NO 173.**

વિષય - લોકજીવન ની ઝલક
પ્રકાર- ગદ્ય.
શબ્દ સંખ્યા- ૩૦૦.
શીર્ષક-
"ગુજરાતની લોકમાટીઃ સ્નેહ, સંસ્કાર અને સંવેદનાની અમીઝલક"
ગુજરાત માત્ર ઈંટો અને પાકાં મકાનોનો પ્રદેશ નથી, પણ આ ધરતી એટલે ધબકતું હૈયું, ભીની માટીની સુવાસ અને સંસ્કારોની સુવાસિત મહેક. ગુજરાતનાં લોકજીવનની વાત કરીએ ત્યારે આપમેળે જ આંખ સામે એવાં દ્રશ્યો ખડાં થઈ જાય છે, જ્યાં માનવતા અને પરોપકારની સરવાણી અવિરત વહેતી હોય. અહીંનાં લોકજીવનમાં સ્નેહ, સંવેદના અને ગહન ચિંતનનો ત્રિવેણી સંગમ જોવા મળે છે.
ગુજરાતી લોકજીવનનો મુખ્ય પ્રાણ તેનો અખૂટ સ્નેહ અને આતિથ્યભાવ છે. અહીં અજાણ્યો રાહદારી પણ "મહેમાન" બનીને આવે છે ત્યારે એનાં સ્વાગત પાછળનો ભાવ માત્ર ઔપચારિક નથી હોતો, પણ આત્માથી આત્માનાં મિલનનો હોય છે. ગામડાંનાં વરંડા પર મૂકેલી પાણીની પરબ કે 'પાણીયારું' માત્ર તરસ છીપાવવાનું સાધન નથી, પણ મૂંગાં જીવો અને રાહદારીઓ પ્રત્યેનાં અપાર પ્રેમનું પ્રતીક છે. "આવો બેસો, ચા-પાણી પીધાં વગર ન જ જવાય" આ માત્ર શબ્દો નથી, પણ બે હૃદયને જોડતી જીવંત સંસ્કૃતિ છે. કચ્છનું રણ હોય કે સૌરાષ્ટ્રનાં ડુંગરો, ઉત્તર ગુજરાતની લૂ હોય કે દક્ષિણની નદીઓની ધાર , ગુજરાતી પ્રજાએ અસંખ્ય કુદરતી આપત્તિઓ અને સંઘર્ષો જોયાં છે, છતાં તેનાં હોઠ પરનું સ્મિત ક્યારેય ઓસર્યું નથી.' પરિસ્થિતિ ગમે તેટલી વિકટ હોય, પણ જીવવાની કળા અને મનનો આનંદ ક્યારેય ન છોડવો', એ આ લોકજીવનનું સાચું જીવનચિંતન છે.
અહીંનાં લોકહૈયામાં મનુષ્યો ઉપરાંત પશુ-પંખીઓ અને પ્રકૃતિ માટે પણ અનહદ કરૂણા છે. પાંજરાપોળ, ગામ વચ્ચે બનેલાં ચબૂતરા અને અબોલ જીવો માટે અનાજ નાખવાની પરંપરા દર્શાવે છે કે આપણે સમગ્ર સૃષ્ટિને પરિવાર માનીએ છીએ. આપત્તિનાં સમયે ભેદભાવ ભૂલીને એકબીજાની વ્હારે ચઢવું એ આ લોકમાટીનો સહજ સ્વભાવ છે.
આજનાં યાંત્રિક યુગમાં જ્યાં માનવી સ્વાર્થ અને ભૌતિકતા પાછળ દોડી રહ્યો છે, ત્યાં ગુજરાત નું આ લોકજીવન એ સંદેશ આપે છે કે
"સંપત્તિ ગમે તેટલી ભેગી કરો, પણ જો સંબંધોની મૂડી ખૂટી ગઈ, તો જીવન નિર્જીવ બની જશે."
આપણે વિકાસનાં શિખરો સર કરીએ, પરંતુ આપણાં સંસ્કારો, વડીલોનો આદર અને સંવેદનાની સુવાસ ક્યારેય ન ગુમાવીએ. માટીની આ સોડમ આપણને હંમેશાં યાદ કરાવે છે કે, માણસાઈથી મોટો કોઈ ધર્મ નથી અને સ્નેહથી મોટું કોઈ આભૂષણ નથી.

-ડૉ. દક્ષા જોશી 'નિર્ઝરા'
અમદાવાદ,ગુજરાત.
★★★★★★★

**NOGSS NO: 345**

વિષય: લોકજીવનની ઝલક
શીર્ષક: એ હતો માયાળું સમય
પ્રકાર:પદ્ય શબ્દો: ૧૨૪

ગામડાના આંગણે તુલસી ક્યારા,
સવાર પડેને ગીત ગુંજે.
જય શ્રીકૃષ્ણના બોલ મીઠા,
લોકોના દિલમાં પ્રેમ ઝૂમે.

ખેડૂત વહેલો હળ લઈ નીકળે,
ધરતીને પરસેવે સીંચે.
બાજરો-જુવારના સપના વાવે,
મોઢા પર સંતોષનું હાસ્ય.

પનિહારી માથે બેડા મેલી,
નદીએ જાયે ગીત ગાતી.
ચૂડી રણકે, પગલા છમકે,
મીઠી ગુજરાતી બોલી બોલતી.

નદી વહે છે નિર્મળ ધારા,
સરોવરમાં કમળ ખીલે.
ઢોર-પંખી પાણી પીવે,
બાળકો કાંઠે રમત રમે.

શ્રાવણ આવે મેળો ભરાય,
ઝૂલા-ચકડોળે ગામ ઝૂમે.
ઢોલ-શરણાઈ તાલે નાચે,
ખરીદીની મજા સૌ લૂમે.

દિવાળીએ ઘર-ઘર દીવા,
ઉત્તરાયણે આકાશ રંગીન.
નવરાતે ગરબા ગૂંજે,
તહેવારમાં એકતા
આભાર - નિહારીકા રવિયા જીવીન.

સાદું જીવન, સાચા સબંધ,
આવો બેસોનો ભાવ.
આ જ છે અમારા ગામની ઓળખ,
લોક જીવનનો મીઠો સ્વાદ.

હંસા ઝાલા "લાગણી" (સુરત )

**NOGSS NO:158**

વિષય: લોક જીવનની ઝલક
શીર્ષક: સમાજ જીવનનું પ્રતિબિંબ
પ્રકાર:પદ્ય શબ્દો:૯૪

માટીની મહેકમાં વસે છે સારુંય લોક જીવન,
ઉજવાતા તહેવારોની ઝલક હોય લોક જીવન!

જીવનનું સર્વોત્તમ સુખ એકમેકની ચાહના,
ન અપેક્ષા ત્યાગ સમર્પણ નિસ્વાર્થ ભાવના!

મેળામાં લોકોનો ઉત્સાહ ઉમંગ લોક જીવન,
ઢોલના તાલે દેતાં તાળીની ઝલક લોક જીવન!

દિન રાત કરે પરિશ્રમ અથાહ ન કદી થાકતાં,
સાથે મળી ભક્તિભાવ તહેવારો? ઉજવાતા!

વડીલોની સેવા વડીલોનું માન આજ્ઞા પાલન,
સંસ્કૃતિ એ નૈતિક મૂલ્યો સદવિચાર સાચી શાન!

'પ્રેમ' સમાજ જીવનનું પ્રતિબિંબ લોકજીવન,
સંસ્કાર ને સંસ્કૃતિ ઉજાગર કરે લોક જીવન!

શ્રી પાલજીભાઈ વી રાઠોડ 'પ્રેમ'
(આદરીયાણા- સુરેન્દ્રનગર)

# રાજુ જંતરમંતર જઇ કર્યું બખડજંતર કરી આવ્યો ?

'ગિરધરલાલલઅઅ.' ફોન પર રાજુ આટલું બોલ્યો.રાજુ પુચ પુચ કરતો હતો.રાજુએ ફોન શું કામ કર્યો હશે તેની સમજણ ન પડી.

'રાજુ તારો મેળ પડી ગયો કે શું?' રાજુ ડાળે વળગવા કયારનો મથતો હતો. આ કશ્મકશમાં યુવાવસ્થા છોડીને પ્રૌઢાવસ્થા તરફ વાવાઝોડાની જેમ ધસી ગયેલ. કોઇ ફટાકડીને યેનકેન પ્રકારેણ પટાવી લીધી હોય અને ક્યાંક લોંગ ડ્રાઇવ પર જઇ જુમા ચુમા દે દે ગીત ગાતો હોય.

'ગિરધરલાલ, તમારી કેસેટ ચોંટી ગઇ છે? મેં તમારૂં શું બગાડ્યું છે? તમે લગ્ન કરીને પેટ ભરીને પસ્તાવ છો તો મને પસ્તાવાની આગના દરિયામાં ધકેલવા માંગો છો? હું વાંઢારૂપે સુખી છું.' રાજુએ મને લગભગ ધોઇ નાંખ્યો.

'રાજુ તારા ફોનમાં પુચ પુચ અવાજ આવતો હતો એટલે મેં પૂછ્યું ' મેં સ્પષ્ટતા કરી.

'એ તો હું પિત્ઝા ખાતો હતો એટલે મેં ફોન કરેલ. શું લઝીજ પિત્ઝા છે. વાઉં યમ્મીપ સોફટપ ક્રિસ્પીપ ક્રન્ચી. ચીઝ તો લાજવાબ છે. પિત્ઝાનો બાઇટ લઇએ તો ચીઝનો તો લાંબો તાર મોં અને વધેલા પિત્ઝાને જોડે. વોટ અ સ્પાઇસી એન્ડ હોટ.' રાજુ મોંએથી સિસકારા બોલાવતો હોઠ પર જીભ ફેરવીને બોલ્યો. એના મોઢામાંથી લાળરસ નહીં. પરંતું, લાળગંગા પ્રકટી હશે. આંગળાં સોસથી ખરડાયેલાં હશે. મોમાંથી ચીઝ, સોસ, પનીરના રેગાડા ઉતરતા હશે. રાજુ ખાઉસમાધિયોગમાં હશે!

'રાજુ તું એકલો એકલો પિત્ઝા ઝાપટવા પહોંચી ગયો. તું ગયો ત્યારે મને ટહુકો ન કરાય?' મેં ધોખો કર્યો.

'સોરી ગિરધરલાલ,હું તમને સાદ પાડવાનું ભૂલી ગયો. ' રાજુએ માફી માંગી.

'રાજુ તું ખાઉંગલી કે માણેકચોક પહોંચ્યો છે? કોઇ મોટા શેઠના માયકાંગલા પુત્રના લગ્નમાં વગર આમંત્રણ-નિમંત્રણે બૈગાની શાદીમેં રાજુ દીવાના થયો છે?' મેં રાજુને સવાલ કર્યો.

'ગિરધરલાલ તમે તમે દિવાળી પર ભગવાનને ધરાવતા અન્નકૂટના દર્શન કર્યા હશે. પરંતુ, અહીં તો વાનગીઓના વાનગીકૂટ ભેગા થયા છે. દેશના અલગ અલગ સ્થળોએથી દિલ્હી ખાતે પહોંચાડવાની વાનગીઓના ઓર્ડર મુજબ વાનગીઓ લગાતાર ફૂડ કંપની ડિલિવરી કરી રહી છે.પણ કોઇ ખાનાર નથી. બે પેટ કરીને ખાવ તો પણ વાનગી ખૂટે નહીં તેવો માહૌલ છે. ચટાકેદાર વાનગીમાંથી નીકળતી વરાળ-ધૂમાડા અને ખાવા મચી પડેલા લોકો વચ્ચે ખાદ્યયુધ્ધ ખેલાઇ રહ્યું છે.' રાજુએ બખડજંતર ચેનલ માટે સ્પોટ રિર્પોટિંગ કર્યું.

'રાજુ, તું વાનગીની વાત ન કર. મોઢામાં પાણી આવે છે. રાજુ કોઇકની ઉત્તરક્રિયા કે કથાફથાનું આયોજન છે? ' અમારી જીભ પણ સુંદર વાનગીનો સ્વાદ લેવા લબાકા લઇ રહી હતી.

'ગિરધરલાલ દરેક મિનિટ કોઇને કોઇ વાનગીનું આગમન થાય છે. વડાપાઉં, બર્ગર, પાઉંભાજી, ઢોંસા, ઉતપમ, ઇડલી, મેંદુવડા, લીટીચોખા, રસગુલ્લા, ચમચમ , રાજમા ચાવલ, ભાખરી શાક , લચ્છા પરાઠા, રૂમાલી રોટી,આલુ પરાઠા એક કરતાં એક વાનગી ભૂલો તેવો વાનગીકૂટ છે.' રાજુએ મારૂં આકર્ષણ વધાર્યું.

'રાજ, આ બધું ખાવા માટે ગજવે રૂપિયા તો જોઇએ ને?' મેં મારી શંકાકુશંકા રજૂ કરી.

'અરે રામ રામ ભજો. ખાવાનું બધું ફ્રી છે. સૂવા માટે ગાદલા છે. મોબાઇલ ટોઇલેટ છે. આખી રાત ગીતોનો શોર, વિવિધ પ્રદેશોના નૃત્યો છે. આપણે ન્યુયોર્કના ટાઇમ સ્કેવરમાં હોઇએ તેટલી ભીડ છે.' રાજુનો ઉત્સાહ ઉરમાં સમાતો ન હતો.

'રાજુ, આવી ફૂડ સ્ટ્રીટ તો જોઇ કે સાંભળી નથી. જ્યાં મફતમાં ખાવાનું મળતું હોય.' મેં રાજુને કહ્યું. રાજુના નેપથ્યે જયહિન્દ, ભારતમાતા કી જય, રાજીનામું લઇને રહીશું, આવાઝ દો હમ એક હૈ, ગમે ચાહિયે આઝાદી જેવા નારા સંભળાતા હતા.

'ગિરધરલાલ લોકો જાતજાતની સર્જકતા દાખવે છે. ગીતો જોડકણા બનાવે છે.લોકો નાચે છે, ગાય છે, પ્લેબોર્ડ દેખાડે છે, તિરંગો લહેરાવે છે. કરેંગે યા મરેંગે જેવી ૧૯૪૨ ની લડાઇની યાદ તાજી થઇ રહી છે. એક અઢાર વરસની છોકરી ફૂલ બ્રાઇડલ ડ્રેસમાં સજીધજીને કહે છે કે ભણીને પેપર લીક થવાનાં હોય, નોકરી મળવાની ન હોય તો ભણવાનો શો મતલબ છે.લગ્ન કરો,બચ્ચાજચ્ચા પેદા કરો .'રાજુએ આખો માહૌલ જણાવ્યો.

'પણ રાજુ, એ બધું તો સમજ્યા. તું ક્યાં છે? મને તારી ચિંતા થાય છે.' મેં રાજુને ક્યાં છે તે પૂછ્યું.

'હું, નવી દિલ્હી ખાતે જંતરમંતર મેદાનમાં છું અહીં કોકરોચના પ્રોટોસ્ટમાં છું. હું પણ ઝેન જી છું.' રાજુએ ઝેન જીનો દાવો કર્યો. જો કે રાજુ પિસ્તાલીસ વરસનું બાળક છે એ વાત અલગ છે. રાજુ અમદાવાદથી કોઇની સાથે કારમાં જંતરમંતર પહોંચેલ. જંતરમંતરના જલ્સા કે જલવા જોઇને ખાસ તો ખાવાનું મફતમાં મળતું હોવાથી ત્યાં રહેવા લલચાઉં ગયેલ. મફતનું ખાવાનું ઠાંસી ઠાંસીને ઠુંસીને દસ કિલો વજન પણ વધી ગયેલ. શીરા માટે શ્રાવક થવાય કે ન થવાય તેની તો ખબર નથી. પરંતું,પિત્ઝા માટે પ્રોટેસ્ટર બની ગયેલ.

પાણીનો પરપોટો સાશ્વત ક્યાં રહે છે?ભાદરવાનો ભીડો બારમાસી હોતો નથી. ખાઇપીને તાજોમાજો થયેલ રાજુ પણ આંદોલનની વેદી પર હોમાઇ ગયો કે શું?

રાજુના નસીબમા્ અસ્થિભંગ યોગ સર્જાયેલ. આંદોલનકારીઓએ સંસદ તરફ કૂચ કરવાની કોશિશ કરેલ. સરકારને ટીકા , આંદોલન, બળવો ક્યાં ગમે છે? સરકારને ચરણવંદક, ચરણચાટુ જનતા પ્રિય છે.આંદોલનકારાઓમાં સપકારનો ખૌફ, ભય, ફફડાટ કાયમ રાખવા પ્રદર્શનકારી પર લાઠી, ડંડા , ટીયરગેસ, પેલેટગન લઇ તૂટી પડી. સાબુ કે પાવડર સિવાય પ્રદર્શનકારીની પીટાઇ કરી. તેમાં રાજુ રદ્દીની પણ પિટાઇકૂટાઇ થઇ ગઇ.રાજુનું શરીર પેલેટગનના છરાથી છન્ની છન્ની થઇ ગયું.

'ગિરધરલાલ, હું તો મફતનું ખાવાની લ્હાયમાં કૂટાઇ ગયો. તૂટેલ ટાંગ સાથે ગોસ્પિટલના બિસ્તર પર લેટયો છું.હોસ્પિટલમાંથૂ રજ મળે કે તરત જ મારે હવે ઘર વાપસી કરવી છે.આટલું સંભળાયું કે રાજુનો ફોન કરાઇ ગયો. 'ટ્રિન ટ્રિન ' ફોનની ઘંટડી વાગતી રહી.

ભરત વૈષ્ણવ

# પ્રાકૃતિક ખેતી અપનાવીને આપણે સ્વસ્થ ખેડૂત, સમૃદ્ધ ગામ અને હરિયાળું અરવલ્લી નિર્માણ તરફ આગળ વધી શકીએ છીએ

અરવલ્લી જિલ્લો કૃષિપ્રધાન જિલ્લો છે, જ્યાં મોટા ભાગના ખેડૂતો ખેતી પર નિર્ભર છે. વધતા રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના ઉપયોગને કારણે જમીનની ફળદ્રુપતા ઘટી રહી છે, ઉત્પાદન ખર્ચ વધી રહ્યો છે અને પર્યાવરણ તેમજ માનવ સ્વાસ્થ્ય પર પણ તેની અસર જોવા મળી રહી છે. આવા સમયે પ્રાકૃતિક ખેતી ખેડૂતો માટે આશીર્વાદરૂપ બની રહી છે. પ્રાકૃતિક ખેતી એટલે કુદરતી સંસાધનોના ઉપયોગથી રાસાયણિક ખાતર અને જંતુનાશકો વગર ખેતી કરવાની પદ્ધતિ. આ પદ્ધતિથી જમીનનું આરોગ્ય સુધરે છે, ઉત્પાદન ખર્ચ ઘટે છે અને ગ્રાહકોને ઝેરમુક્ત, પૌષ્ટિક અનાજ, શાકભાજી અને ફળો મળે છે.

પ્રાકૃતિક ખેતીમાં સૌથી પહેલાં જમીનની તંદુરસ્તી જાળવવા પર ભાર મૂકવામાં આવે છે. ખેડૂતોએ જમીનનું ઊંડું ખેડાણ ટાળીને ઓછું ખેડાણ કરવું, ખેતરમાં પાકના અવશેષો અને સૂકા પાનનું આચ્છાદન (મલ્ચિંગ) કરવું તથા ભેજ જાળવી રાખવી જોઈએ. આ પદ્ધતિથી જમીનમાં રહેલા જીવાણુઓ અને અળસિયાં સક્રિય રહે છે, જેના કારણે જમીનની ફળદ્રુપતા વધે છે.

પ્રાકૃતિક ખેતીમાં દેશી ગાયનું વિશેષ મહત્વ છે. દેશી ગાયના છાણ અને ગૌમૂત્રમાંથી તૈયાર થતું જીવામૃત અને ઘન જીવામૃત જમીનમાં રહેલા સૂક્ષ્મજીવોની સંખ્યા વધારી પાકને જરૂરી પોષક તત્ત્વો ઉપલબ્ધ કરાવે છે. બીજ વાવતાં પહેલાં બીજામૃત દ્વારા બીજની માવજત કરવાથી બીજજન્ય રોગોનું પ્રમાણ ઘટે છે અને અંકુરણ સારું થાય છે. આ ઉપરાંત નીમ, ધતૂરા, લસણ, લીલા મરચાં અને ગૌમૂત્રમાંથી બનાવવામાં આવતા કુદરતી જીવાત નિયંત્રણ દ્રાવણનો ઉપયોગ કરવાથી પાકને નુકસાન કરતી જીવાતોનું અસરકારક નિયંત્રણ કરી શકાય છે.

ખેતીની રીતમાં યોગ્ય પાક આયોજન પણ મહત્વપૂર્ણ છે. એક જ પાક વારંવાર લેવાના બદલે પાક પરિવર્તન અપનાવવું, મિશ્ર ખેતી કરવી અને કઠોળ વર્ગના પાકોને સ્થાન આપવું જોઈએ. આ ઉપરાંત વરસાદી પાણીનો સંગ્રહ, ટપક સિંચાઈ જેવી જળ બચત પદ્ધતિઓ અપનાવવાથી પાણીનો કાર્યક્ષમ ઉપયોગ થાય છે. ખેતરની ફરતે વૃક્ષો અને જીવંત વાડ ઊભી કરવાથી જૈવ વૈવિધ્ય વધે છે અને પર્યાવરણનું સંતુલન જળવાઈ રહે છે.અરવલ્લી જિલ્લાના અનેક ખેડૂતો આજે પ્રાકૃતિક ખેતી અપનાવી સફળતાપૂર્વક અનાજ, શાકભાજી, ફળો અને અન્ય પાકોનું ઉત્પાદન કરી રહ્યા છે. ઓછા ખર્ચે વધુ નફો મેળવવાની સાથે તેઓ સ્વસ્થ જમીન અને સ્વસ્થ સમાજના નિર્માણમાં પણ મહત્વનું યોગદાન આપી રહ્યા છે. રાજ્ય સરકાર દ્વારા પણ પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે તાલીમ, માર્ગદર્શન અને વિવિધ યોજનાઓનો લાભ ખેડૂતોને આપવામાં આવે છે. ખેડૂતો કૃષિ વિભાગ, આત્મા પ્રોજેક્ટ અથવા નજીકના કૃષિ વિજ્ઞાન કેન્દ્રનો સંપર્ક કરીને પ્રાકૃતિક ખેતી અંગે વધુ માહિતી અને તાલીમ મેળવી શકે છે.પ્રાકૃતિક ખેતી પ્રકૃતિ સાથે સુમેળ સાધીને ટકાઉ વિકાસ તરફનું મહત્વપૂર્ણ પગલું છે.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પ્રવાસનને મળી નવી દિશા: નર્મદા નદીમાં ૬૦૦ પ્રવાસીઓની ક્ષમતા ધરાવતી ભવ્ય ક્રૂઝનું લોન્ચિંગ




એકતા નગર, નર્મદા: વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આવતા દેશ-વિદેશના પ્રવાસીઓ માટે વધુ એક આકર્ષક સુવિધાનો ઉમેરો થયો છે. નર્મદા નદીમાં ૬૦૦ પ્રવાસીઓની ક્ષમતા ધરાવતી અત્યાધુનિક અને ભવ્ય ક્રૂઝનું સફળતાપૂર્વક લોન્ચિંગ કરવામાં આવ્યું છે. આ નવી ક્રૂઝ તમામ જરૂરી સુરક્ષા ધોરણોનું પાલન કરીને તેમજ સંબંધિત વિભાગોની જરૂરી પૂર્વ મંજૂરી પ્રાપ્ત કર્યા બાદ પ્રવાસીઓની સેવામાં ઉપલબ્ધ કરાવાશે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે અગાઉથી ૨૦૦ પ્રવાસીઓની ક્ષમતા ધરાવતી ક્રૂઝ સફળતાપૂર્વક સંચાલિત થઈ રહી છે, જેને પ્રવાસીઓ તરફથી અત્યંત સારો પ્રતિસાદ મળ્યો છે. નર્મદા નદીમાં ક્રૂઝ પ્રવાસ દરમિયાન કુદરતી સૌંદર્ય સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટી અને આસપાસના રમણીય દૃશ્યો નિહાળવાનો અનોખો અનુભવ પ્રવાસીઓ માટે યાદગાર બન્યો છે. પ્રવાસીઓની સતત વધતી સંખ્યા અને માંગને ધ્યાનમાં રાખીને હવે વધુ વિશાળ, આધુનિક અને બહુમુખી સુવિધાઓ ધરાવતી નવી ક્રૂઝ સેવા લોન્ચ કરવામાં આવી છે.

નવી ક્રૂઝ માત્ર નદીમાં પ્રવાસ માટે જ નહીં પરંતુ વિવિધ પ્રકારના સામાજિક, સાંસ્કૃતિક અને કોર્પોરેટ કાર્યક્રમોને ધ્યાનમાં રાખીને વિશેષ રીતે ડિઝાઇન કરવામાં આવી છે. આ ક્રૂઝ પર જન્મદિવસની ઉજવણી, કોર્પોરેટ ઈવેન્ટ્સ, સંગીત સંધ્યા, સાંસ્કૃતિક કાર્યક્રમો, ખાનગી સમારંભો તેમજ અન્ય વિશેષ ઉજવણીઓનું આયોજન કરી શકાશે. નર્મદા નદીના મનોહર વાતાવરણ વચ્ચે યોજાતા આવા કાર્યક્રમો પ્રવાસીઓને અનોખો અને યાદગાર અનુભવ કરાવશે.

નવી ક્રૂઝને વધુ આકર્ષક બનાવવા માટે તેમાં વિશેષ ડેકોરેટિવ લાઈટિંગની સુવિધા આપવામાં આવી છે, જેના કારણે ખાસ કરીને સાંજ અને રાત્રિના સમયે ક્રૂઝનું સૌંદર્ય અનેકગણું વધી જશે. આધુનિક સુવિધાઓ અને વિશાળ ક્ષમતાથી સજ્જ આ ક્રૂઝ એકતા નગરના પર્યટન ક્ષેત્રમાં વધુ એક મહત્વપૂર્ણ આકર્ષણ બનશે.

નવી ક્રૂઝની મુખ્ય વિશેષતાઓ

૬૦૦ પ્રવાસીઓની મુસાફરી ક્ષમતા
૨૫૦ લોકો માટે ડાઈનિંગ સુવિધા
લંબાઈ : ૩૦ મીટર
પહોળાઈ : ૧૨ મીટર
૫ ટ ૪ મીટરનું વિશાળ સ્ટેજ
આકર્ષક ડેકોરેટિવ લાઈટિંગ
સેલિબ્રેશન, પાર્ટી, કોર્પોરેટ ઈવેન્ટ્સ, પ્રોડક્ટ લોન્ચ અને વિશેષ કાર્યક્રમો માટે વિશેષ ડિઝાઇન

હાલમાં કાર્યરત ક્રૂઝની વિશેષતાઓ

૨૦૦ પ્રવાસીઓની ક્ષમતા
૧૦૦ લોકો માટે ડાઈનિંગ સુવિધા
લંબાઈ : ૨૪ મીટર
પહોળાઈ : ૯ મીટર
૪ ટ ૩ મીટરનું સ્ટેજ

નવી ક્રૂઝ કદ, ક્ષમતા અને સુવિધાઓની દ્રષ્ટિએ હાલની ક્રૂઝ કરતાં નોંધપાત્ર રીતે વધુ આધુનિક અને વિશાળ છે. મુસાફરી ક્ષમતા, વિશાળ ડાઈનિંગ વિસ્તાર અને મોટા સ્ટેજને કારણે મોટા પાયે કાર્યક્રમોનું આયોજન સરળતાથી કરી શકાશે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ દ્વારા પ્રવાસીઓને વિશ્વસ્તરીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે સતત નવી પહેલ કરવામાં આવી રહી છે. તે જ દિશામાં આ નવી ક્રૂઝનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે એકતા નગરના પર્યટનને નવી ઊંચાઈ આપશે. આ સુવિધાથી લગ્ન સમારંભો, કોર્પોરેટ કાર્યક્રમો, સાંસ્કૃતિક કાર્યક્રમો અને ખાનગી ઉજવણીઓ માટે પણ એક અનોખું અને આકર્ષક સ્થળ ઉપલબ્ધ બનશે.

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાના દર્શન સાથે હવે પ્રવાસીઓ નર્મદા નદીમાં આ ભવ્ય અને આધુનિક ક્રૂઝનો પણ આનંદ માણી શકશે, જે તેમની મુલાકાતને વધુ યાદગાર બનાવશે. આ નવી સુવિધાથી રાજ્યના પર્યટન વિકાસને વધુ વેગ મળશે તેમજ સ્થાનિક રોજગારી અને આર્થિક પ્રવૃત્તિઓને પણ પ્રોત્સાહન મળશે.

# લેહરિયા મહોત્સવ : પાટણમાં રાજસ્થાની સંસ્કૃતિનો જબરદસ્ત મહાસંગમ!



પાટણ: ઐતિહાસિક પાટણ શહેર રાજસ્થાની સંસ્કૃતિના રંગોથી રંગાઈ ઉઠ્યું, જ્યારે ભવ્ય 'લેહરિયા મહોત્સવ'નું સફળ આયોજન કરવામાં આવ્યું. રાજસ્થાની મહિલાઓના લોકપ્રિય અને પારંપરિક તહેવાર એવા આ મહોત્સવના આયોજનનો શ્રેય ઠુકરાણી સા હેમલતા મદનસિંહ ચૌહાણને જાય છે, જેમના સુંદર આયોજન અને દ્રઢ સંકલ્પના કારણે સમગ્ર કાર્યક્રમ ભવ્યતા સાથે સંપન્ન થયો.

મહોત્સવમાં માત્ર ગુજરાત જ નહીં પરંતુ રાજસ્થાન સહિત દેશના વિવિધ શહેરોમાંથી મોટી સંખ્યામાં મહિલાઓ અને મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. અમદાવાદ, વડોદરા, કરજણ, સુરત, પાલનપુર, આબુરોડ, બ્યાવર, ગોદાજી કા ગાંવ, જયપુર અને ઉદયપુર સહિતના વિસ્તારોમાંથી આવેલા સહભાગીઓએ કાર્યક્રમને વિશેષ ભવ્યતા બક્ષી હતી.

કાર્યક્રમની શરૂઆત પાટણની વિશ્વવિખ્યાત રાણી કી વાવ ખાતે સાંસ્કૃતિક મુલાકાત સાથે થઈ હતી. રંગબેરંગી લેહરિયા પરિધાનમાં સજ્જ મહિલાઓએ ઐતિહાસિક સ્મારક ખાતે યાદગાર ગ્રુપ ફોટોગ્રાફ્સ પડાવ્યા અને રાજસ્થાની સંસ્કૃતિની ઝાંખી કરાવી.

ત્યારબાદ પાટણ-ચાણસ્મા હાઈવે પર સુદામા ચોકડી નજીક આવેલી કેરી ફોર હોટેલ ખાતે મુખ્ય કાર્યક્રમ યોજાયો. અહીં મહિલાઓએ પરંપરાગત રાજસ્થાની લોકગીતો, નૃત્યો અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા સૌનું મન મોહી લીધું. સમગ્ર વાતાવરણ રાજસ્થાની સંસ્કૃતિના રંગોથી ઝળહળી ઉઠ્યું હતું.

આ મહોત્સવ માત્ર એક સાંસ્કૃતિક કાર્યક્રમ નહીં, પરંતુ ગુજરાત અને રાજસ્થાન વચ્ચેના સાંસ્કૃતિક સેતુ, ભાઈચારા અને નારીશક્તિના ગૌરવનું જીવંત પ્રતિક બની રહ્યો. ઉપસ્થિત સૌએ આ આયોજનની પ્રશંસા કરી અને તેને જીવનભર યાદ રહે તેવું અવિસ્મરણીય સંભારણું ગણાવ્યું.

# દર્શક ગ્રામીણ વિકાસ ટ્રસ્ટ ગવાણા દ્વારા વિદ્યાર્થીઓને ચોપડા વિતરણ કરવામાં આવ્યા.



*શ્રી જાસપુર કેળવણી મંડળ સંચાલિત શ્રી એ.કે.પટેલ હાઈસ્કૂલ ( મુકામ :- જાસપુર,તાલુકો :- કલોલ,જિલ્લો :- ગાંધીનગર) માં જરૂરતમંદ પરિવારો નાં બાળકો અભ્યાસ કરી રહ્યા છે.૧૯૭૬ માં શરૂ થયેલ આ સ્કુલનું સંચાલન અને વ્યવસ્થા અદભુત છે. સ્કૂલમાં અભ્યાસ કરી પ્રદેશમાં સ્થાઈ થયેલા મહાનુભાવો આર્થિક રીતે સધ્ધર બન્યા પછી પણ માતૃસંસ્થા અને માદરે વતન નાં વિકાસ માટે તન,મન અને ધનથી સહયોગ આપી માતૃભૂમિ નું ઋણ અદા કરી રહ્યા છે.*

*ગુજરાતનાં કચ્છનાં નાનાં રણમાં સ્વ.મનુભાઈ પંચોલી "દર્શક" (લોકભારતી સણોસરા,તાલુકો :- શિહોર,જિલ્લો :- ભાવનગર) ની પાવન સ્મૃતિમાં છેલ્લા ૨૫ વર્ષથી આ સંસ્થા કામ કરી રહી છે.અમારા લાભાર્થી સમુદાયો રણમાં મીઠું પકવતા અગરિયાઓ અને વિચરતા સમુદાય છે.દસ વર્ષથી પર્યાવરણ નાં કામ સાથે પણ આ સંસ્થા જોડાયેલી છે.દાતાઓના આર્થિક સહયોગ અને લોકભાગીદારી થી રણમાં ૫૦,૦૦૦ જેટલા વૃક્ષો ઉછેરવામાં સફળતા મળી છે.*

*અમદાવાદ સ્થિત દર્શક ગ્રામીણ વિકાસ ટ્રસ્ટ - ગવાણા નાં કોર્ડીનેટર શ્રીમતી ચીનાબહેન પટેલ,જાસપુર ગામનાં સ્થાનિક અગ્રણી વડીલ જય અંબે દાદા (પ્રવીણદાદા)અને શ્રી કિરણભાઈના માર્ગદર્શન નીચે ચોપડા વિતરણ કરવામાં આવ્યા.શ્રી તાપીદાસ અને તુલસીદાસ વ્રજદાસ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત - મુંબઈ અને આ સંસ્થાનાં ટ્રસ્ટીશ્રી અનલભાઈ મરચન્ટ દ્વારા ચોપડાનો સહયોગ મળ્યો. આ શાળાના તમામ કર્મચારીઓ ખુબ જ ઉત્સાહી અને મહેનતુ છે. શાળાનું વાર્ષિક પરિણામ પણ ઉત્તમ આવે છે.*

*શાળાના ટ્રસ્ટી મંડળ,સ્ટાફ ને ખુબ ખુબ વંદન.વિદેશ ની ધરતી ઉપર રહી ને પણ હંમેશા માતૃભૂમિ અને માતૃ સંસ્થાને યાદ રાખી જરૂરતના સમયે સહયોગ આપનાર તમામ દ્રઈં પરિવારોને શત શત નમન.*

# ડાંગ: પિંપરી ગ્રામ પંચાયતના ધૂળચોંડ ગામે ભારે વરસાદથી નાળું તૂટતા ગ્રામજનો મુશ્કેલીમાં



પિંપરી ગ્રુપ ગ્રામ પંચાયત અંતર્ગત આવતા ધૂળચોંડ ગામના ટેમ્બરૂન ફળિયામાં લાંબા સમયથી પાકો રસ્તો બનાવવાની માંગ ગ્રામજનો દ્વારા કરવામાં આવી રહી છે, પરંતુ તંત્રની ઉદાસીનતાના કારણે રસ્તો ન બનતા લોકો પહેલેથી જ હાલાકી ભોગવી રહ્યા હતા.

દરમિયાન, હાલ ચાલી રહેલા ભારે વરસાદના કારણે પરિસ્થિતિ વધુ ગંભીર બની છે. વરસાદના પ્રવાહને લીધે રસ્તાની વચ્ચોવચ આવેલું નાળું તૂટી ગયું છે. રસ્તો ધોવાઈ જવા અને નાળું તૂટી જવાના કારણે આ ફળિયાનો સંપર્ક પ્રભાવિત થયો છે અને સ્થાનિક લોકોને અવર-જવર કરવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવાનો વારો આવ્યો છે.

વર્ષોથી રસ્તાની સુવિધા ન હોવાની વેદના ભોગવી રહેલા ગ્રામજનો માટે ચોમાસાની આ દુર્દશાએ વધુ મુશ્કેલીઓ ઊભી કરી છે. તંત્ર દ્વારા વહેલી તકે આ માર્ગ અને નાળાનું સમારકામ કરવામાં આવે તેવી ગ્રામજનોમાં ઉગ્ર માંગ ઉઠી રહી છે.

# ડાંગ જિલ્લા ખેતીવાડી વિભાગમાં સેવારત પટાવાળા શ્રીમતી સુભદ્રાબેન એસ. પવાર વય નિવૃત્ત થતાં ભવ્ય વિદાય સમારંભ યોજાયો

?આહવા, ડાંગ:

ડાંગ જિલ્લા ખેતીવાડી વિભાગમાં લાંબા સમયથી પટાવાળા તરીકે નિષ્ઠાવાન અને ઉત્કૃષ્ટ સેવાઓ આપનાર શ્રીમતી સુભદ્રાબેન એસ. પવાર ગત તારીખ ૩૧/૦૭/૨૦૨૬ ના રોજ વય નિવૃત્ત થયા છે. આ નિમિત્તે જિલ્લા પંચાયત ખેતીવાડી વિભાગ દ્વારા એક ભવ્ય અને લાગણીસભર વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.



?તારીખ ૦૪/૧૦/૨૦૦૬ ના રોજ ડાંગ જિલ્લા ખેતીવાડી વિભાગમાં સેવાઓની શરૂઆત કરનાર શ્રીમતી સુભદ્રાબેન એસ. પવારે પોતાની લાંબી સેવાકીય કારકિર્દી દરમિયાન ખૂબ જ ઈમાનદારી, ફરજપરાયણતા અને મિલનસાર સ્વભાવથી સૌનું દિલ જીત્યું હતું. તેમની આ સમર્પિત સેવાઓની નોંધ લઈને વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા તેમને ભાવભીની વિદાય આપવામાં આવી હતી.

?ડાંગ જિલ્લા પંચાયત ખેતીવાડી અધિકારી શ્રી બાબુભાઈ પટેલના હસ્તે શ્રીમતી સુભદ્રાબેન એસ. પવારને શાલ ઓઢાડી અને સ્મૃતિ ભેટ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ખેતીવાડી અધિકારી શ્રી બાબુભાઈ પટેલે તેમના કાર્યોની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, ×શ્રીમતી સુભદ્રાબેનનો સમગ્ર સેવાકાળ અત્યંત પ્રેરણાદાયી રહ્યો છે. તેમણે પોતાની ફરજ હંમેશાં નિષ્ઠા અને જવાબદારીપૂર્વક બજાવી છે.×

?આ વિદાય સમારંભમાં ડાંગ જિલ્લા ખેતીવાડી વિભાગના તમામ વેરિયસ ઓફિસર્સ (અધિકારીઓ), વિસ્તરણ અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત તમામ મહાનુભાવોએ સુભદ્રાબેનને તેમના આગામી નિવૃત્તિ જીવન માટે ઉત્તમ સ્વાસ્થ્ય, દીર્ઘાયુ અને સુખી ભવિષ્યની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

# કઠલાલ ના શ્રીમતી શીતલબેન ભટ્ટની જિલ્લા જેલ બોર્ડમાં બિનસરકારી સભ્ય તરીકે નિમણૂક



*સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ (માતૃ સંસ્થા) ના પ્રદેશ મંત્રી તથા ખેડા જિલ્લાના ભાજપ ના સંગઠન મંત્રી શ્રીમતી શીતલબેન યોગેશકુમાર ભટ્ટ કે જેઓ હંમેશા સમાજના ઉત્કર્ષ માટે ચિંતન રહે છે તથા મહિલાઓના ઉત્કર્ષ માટે નિરંતર કાર્ય કરે છે તેઓની સરકાર દ્વારા નડિયાદ જિલ્લા જેલ મુલાકાતથી બોર્ડમાં બિનસરકારી સભ્ય તરીકે નિમણૂક થઈ તે બદલ સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના પૂર્વ પ્રમુખ મહેશભાઈ આઈ મહેતા, સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના કારોબારી સભ્ય શ્રી જીતુભાઈ ભટ્ટ, સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના ઉપપ્રમુખ શ્રી પ્રશાંતભાઈ ઠાકર ગુજરાત બ્રહ્મ સમાજ ખેડા જિલ્લાના પ્રમુખ મૌલેશભાઈ મહેતા (એડવોકેટ), ગુજરાત બ્રહ્મ સમાજ ખેડા જિલ્લાના બ્રહ્મજોબ કન્વીનર ડો.રશ્મિન રાવલ ગુજરાત ના મીડિયા કન્વીનર નીતિનભાઈ ખંભોળજા પાર્થ વ્યાસ જિલ્લા યુવા પ્રમુખ એ અભિનંદન સાથે શુભકામનાઓ પાઠવી તથા સમસ્ત બ્રહ્મ સમાજ ગૌરવની લાગણી અનુભવે છે.*

# ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ચોમાસાને પગલે ખાણીપીણીની લારીઓ પર સઘન તપાસ: બિનઆરોગ્યપ્રદ ખાદ્યપદાર્થોનો સ્થળ પર જ નાશ કરાયો



ગાંધીનગર મહાનગરપાલિકાની ફૂડ સેફ્ટી શાખા દ્વારા ચોમાસાની ઋતુમાં નાગરિકોના સ્વાસ્થ્ય અને સુરક્ષાને સર્વોપરી ગણીને જુલાઈ મહિના દરમિયાન શહેરની વિવિધ ખાણીપીણીની લારીઓ અને પેઢીઓની ખાસ ઝુંબેશ ચલાવીને સઘન તપાસ કરવામાં આવી છે. આ કાર્યવાહી અંતર્ગત ફૂડ સેફ્ટી શાખાની વાન મારફતે શહેરમાં સતત ચેકિંગ હાથ ધરીને ખાદ્યચીજોના કુલ ૩૬ જેટલા નમૂના લેવામાં આવ્યા છે અને બિનઆરોગ્યપ્રદ જણાતા ખાદ્યપદાર્થોનો સ્થળ પર જ નાશ કરીને નાગરિકોના આરોગ્ય સાથે થતાં ચેડાં અટકાવવાની દિશામાં કડક પગલાં લેવામાં આવ્યા છે.

આ સઘન ચેકિંગ દરમિયાન કેમિસ્ટ દ્વારા ૮૩ પેઢીઓની તપાસ કરવામાં આવી હતી અને ૭૯ જેટલા તેલ, મસાલા અને પાણી વગેરેના નમૂનાઓનું સ્થળ પર જ પ્રાથમિક પરીક્ષણ કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન બિનઆરોગ્યપ્રદ જણાઈ આવેલ ૨૫ લિટર પાણીપૂરીનું પાણી, ૦૮ કિલો પાણીપુરીનો મસાલો તેમજ બ્રેડ અને પાઉંના ૦૬ જેટલા પેકેટનો સ્થળ પર જ નાશ કરાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત ઘ-૪ ગાર્ડન વિસ્તારની ૨૦ જેટલી પેઢીઓની ખાસ તપાસ કરવામાં આવી હતી, જેમાં ૧૦ પેઢીઓના પાણીનું પીએચ (ૐ) ટેસ્ટિંગ પણ કરવામાં આવ્યું હતું. ફૂડ સેફ્ટી ઓફિસર્સ દ્વારા વધુ પૃથ્થકરણ અર્થે લેબોરેટરી ખાતે મોકલવા માટે પાણીપુરીના પાણીના ૦૫, મસાલાના ૦૩ તેમજ સેવપૂરી, ભેળપુરી, કચ્છી કડક, દાબેલી, મોમોસ, ચોળાફળી અને બરફના ગોળાના એક-એક એમ કુલ ૧૫ નમૂનાઓ એકત્ર કરવામાં આવ્યા છે.

આ કાર્યવાહી દરમિયાન તમામ ખાણીપીણીની પેઢીઓ અને લારીઓના સંચાલકોની રૂબરૂ મુલાકાત લઈને તેઓને સાફસફાઈ જાળવવા, ખાદ્ય ચીજવસ્તુઓનો સંગ્રહ તેમજ વેચાણ કરતી વખતે




ન્યૂઝપેપરનો ઉપયોગ સંપૂર્ણપણે ટાળવા અને માત્ર આરોગ્યપ્રદ સામગ્રી જ વાપરવા માટે કડક સૂચનાઓ આપવામાં આવી છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આ ઝુંબેશ આગામી સમયમાં પણ સતત ચાલુ રાખવામાં આવશે. ચોમાસાની ઋતુમાં નાગરિકોને પણ અપીલ કરવામાં આવે છે કે તેઓ સ્વચ્છ અને સલામત જગ્યાની ખાતરી કર્યા બાદ જ બહારનો ખોરાક લેવાનો આગ્રહ રાખે. ફૂડ સેફ્ટી અંગેની કોઈપણ ફરિયાદ માટે નાગરિકો ગાંધીનગર મહાનગરપાલિકાના હેલ્પડેસ્ક અથવા ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની 'ફૂડ સેફ્ટી કનેક્ટ' એપ્લિકેશન મારફતે સંપર્ક કરી શકે છે.

**Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat**